GJSK040042982025

**<u>મુદામાલ અરજ નં.૩૧૨/૨૦૨૫</u>**
**<u>ઈડર પો.સ્ટે. નં.૩૧૧૧૦૨૫૦૨૧૧૨૨૫/૨૦૨૫</u>**
**<u>અરજદાર પ્રિયંકભાઈ દિનેશભાઈ શાહની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૯૭ અને ૫૦૩ ની અરજી હેઠળ હુકમ</u>**

(૧) અરજી વંચાણે લીધી, સાંભળ્યા.

(૨) આ કામે અરજદારે હાલની અરજી કરીને અરજ ગુજારેલ છે કે, અરજદારના બેન્ક નામે એચ.ડી.એફ.સી.બેન્કના ખાતા/ક્રેડીટ કાર્ડ નં. ૫૦૧૦૦૫૪૨૪૯૩૮૪૭ માંથી રૂા.૭૦,૧૯૮/– આમ કુલે રૂા.૭૦,૧૯૮/– ઉપડી ગયેલ હતા જે બાબતે ફરીયાદીએ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાવેલ હતી જેની તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ ફરીયાદ નં. ૩૧૧૧૦૨૫૦૨૧૧૨૨૫ થી નોંધાયેલ છે. ત્યારબાદ સાયબર ક્રાઇમ પોલીસ ધ્વારા સામેવાળાના ખાતામાં ફરીયાદીના ગયેલ નાણાં પૈકી અમુક રૂપિયા બી.એન.એસ.એસની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે હાલ સદર બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને પરત મળેલ નથી અને અરજદારનું ખાતુ ફ્રીઝ થયેલ છે. આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી અને અરજદારને આર્થીક રીતે નુકશાન થાય તેમ છે. સદર રૂપિયાથી અરજદારને ગુજરાન ચલાવવા ખુબ જ જરૂરીયાત હોય જેથી સદર નાણાં બેન્ક ખાતુ ફ્રીઝ થયેલ છે તો બેન્ક ખાતુ અનફ્રીઝ કરવા તેમજ અરજદારના ખાતામાં પરત મેળવવા હાલની આ અરજી કરેલ છે. સદરહું નાણાં અરજદારના છે. તે બતાવવા ફરીયાદ નં.૩૧૧૧૦૨૫૦૨૧૧૨૨૫ ની નકલ, પાનકાર્ડ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ, ફરીયાદીના બેન્કની સ્ટેટમેન્ટ તથા પાસબુકની નકલ રજુ કરેલ છે અને સદરહું નાણાં અરજદાર અંગત ઉપયોગ સારૂ જરૂર હોય તે પરત સોંપવા અરજ ગુજારેલ છે.

(૩) અરજી સંદર્ભે પોલીસ અભિપ્રાય વંચાણે લેતાં, અરજદારશ્રીનાઓના સામાવાળા શંકાસ્પદ (૧) ઈન્ડીયન ઓવરાઈસ બેન્ક ખાતા નં. ૦૦૩૫૦૧૦૦૦૦૩૫૬૨૩ માં ગયેલ રૂા.૯૦૧.૨૮/– (૨) પંજાબ નેશનલ બેન્ક (ઈન્કુલ્ડીંગ ઓરીએટલ બેન્ક ઓફ કોમર્સ એન્ડ યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડીયા) ખાતા નં.૭૪૧૧૦૦૧૫૦૦૦૨૯૦૮૦ માં ગયેલ રૂા.૬૫૦૦/–

તથા (૩) કેનેરા બેન્ક (ઇન્કુલ્ડીંગ સીન્ડીંકટે બેન્ક) ખાતા નં. ૧૨૦૦૦૨૫૯૨૯૭૧ માં ગયેલ રૂા.૫૩,૫૦૨/– અરજદારના નાણાં તે ફ્રીઝ થયેલ છે. સદર બેન્ક ખાતાઓ શંકાસ્પદ હોવાનું જણાઇ આવે છે અને સદરહું ખાતુ સીઝ કર્યા બાદ શંકાસ્પદ બેન્ક ખાતા ધારકોને અત્રેના પોલીસ સ્ટેશનથી તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ બેન્ક મારફતે ઇમેલ કરી દિન–૭ માં કોઇ રજુઆત હોય તો અત્રેના પોલીસ સ્ટેશન સંપર્ક કરવા જણાવેલ હોવા છતાં ખાતેદાર કે અન્ય કોઇ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબત અમારા સમક્ષ કોઇ વાંધા તકરાર જણાવેલ નથી. જેથી તે રૂપિયા અરજદારશ્રીને એચ.ડી.એફ.સી.બેન્ક ખાતા નં. ૫૦૧૦૦૦૧૨૭૩૪૧૯૨ IFSC CODE નં.HDFC0001699 માં પાછા આપવા તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે.

(૪) અરજદાર તરફે પોતાની અરજીમાં જણાવ્યા મુજબ ફ્રીઝ કરેલ મુદ્દામાલ નાણાં બાબતે તે બતાવવા ફરીયાદ નં. ફરીયાદ નં. ૩૧૧૧૦૨૫૦૨૧૧૨૨૫ ની નકલ, પાનકાર્ડ તથા આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ, ફરીયાદીના બેન્કની સ્ટેટમેન્ટ તથા પાસબુકની નકલ રજુ કરેલ છે. આમ, રજુ થયેલ દસ્તાવેજોના આધારે અરજદાર અરજીમાં જણાવેલ રોકડ રકમના માલીક હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે.

(૫) વધુમાં, આ કામે પોલીસ અભિપ્રાય તેમજ તે સાથે રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. અરજદારની અરજી ધ્યાને લેતાં મુદ્દામાલ નાણાં જો વધુ સમય બેન્કમાં ફ્રીઝ પડી રહે તો અરજદારને નુકશાન થાય તેમ જણાય છે અને હાલના અરજદારએ માલીક હોવાનું ફલીત થતુ હોય આ મુદ્દામાલ પરત સોપવો યોગ્ય અને વાજબી હોવાનું માનુ છું.

આમ, આ સંજોગોમાં મુદ્દામાલ અરજદારને પરત સોપવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી હોવાનું જણાઇ આવતુ હોઇ યોગ્ય શરતોને આધિન યોગ્ય રકમના જામીન અને જાત મુચરકો રજુ કર્યેથી અરજદારને મુદ્દામાલ નાણાં પરત સોંપવા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**૧.** આથી અરજદાર પ્રિયંકભાઇ દિનેશભાઇ શાહ, રહે.શિવમ સોસાયટી, આનંદનગર, ઇડર, તા.ઇડર, જી.સાબરકાંઠાનાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદારશ્રી પ્રિયંકભાઇ દિનેશભાઇ શાહનાઓના સામાવાળા શંકાસ્પદ (૧) ઇન્ડીયન ઓવરાઇસ બેન્ક ખાતા નં. ૦૦૩૫૦૧૦૦૦૦૩૫૬૨૩ માં ગયેલ રૂા.૯૦૧.૨૮/- (૨) પંજાબ નેશનલ બેન્ક (ઇન્કુલ્ડીંગ ઓરીએટલ બેન્ક ઓફ કોમર્સ એન્ડ યુનાઇટેડ બેન્ક ઓફ ઇન્ડીયા) ખાતા નં.૭૪૧૧૦૦૧૫૦૦૦૨૯૦૮૦ માં ગયેલ રૂા.૬૫૦૦/- તથા (૩) કેનેરા બેન્ક (ઇન્કુલ્ડીંગ સીન્ડીંકટે બેન્ક) ખાતા નં. ૧૨૦૦૦૨૫૯૨૯૭૧ માં ગયેલ રૂા.૫૩,૫૦૨/- ફ્રીઝ થયેલ છે તે ખાતુ અનફ્રીઝ કરવા તેમજ સદર ખાતામાંથી તે રૂપિયા અજદારશ્રીને એચ.ડી.એફ.સી.બેન્ક ખાતા નં. ૫૦૧૦૦૦૧૨૭૩૪૧૯૨ IFSC CODE નં.HDFC0001699 માં વચગાળાની કસ્ટડીએ પાછા સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

**૧)** અરજીમાં જણાવેલ શંકાસ્પદ (૧) ઇન્ડીયન ઓવરાઇસ બેન્ક ખાતા નં. ૦૦૩૫૦૧૦૦૦૦૩૫૬૨૩, (૨) પંજાબ નેશનલ બેન્ક (ઇન્કુલ્ડીંગ ઓરીએટલ બેન્ક ઓફ કોમર્સ એન્ડ યુનાઇટેડ બેન્ક ઓફ ઇન્ડીયા) ખાતા નં.૭૪૧૧૦૦૧૫૦૦૦૨૯૦૮૦ તથા (૩) કેનેરા બેન્ક (ઇન્કુલ્ડીંગ સીન્ડીંકટે બેન્ક) ખાતા નં.૧૨૦૦૦૨૫૯૨૯૭૧ માં સ્થગીત થયેલ રકમ અરજદારે સંબંધીત પોલીસ સ્ટેશનમાં તેટલીજ રકમના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરેથી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** અરજદારે પોલીસ સ્ટેશનમાં જામીન રજુ કરેથી પોલીસે સ્થગીત કરેલ રકમ પરત કરવા જે તે સંબંધીત ખાતાવાળી બેન્કને યાદી કરવાનો આદેશ આપવામાં આવે છે.

**૩)** જો સદર રકમનો અન્ય કોઇ વ્યકિત કલેઇમ કરશે કે અન્ય વ્યકિતની જણાઇ આવશે તો સદર રકમ અરજદારે અત્રેની કોર્ટમાં જમા કરાવાની રહેશે.

હુકમ આજરોજ તા.૦૬-૦૭-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ: ઇડર
તા.૦૬/૦૭/૨૦૨૬

**(ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//Mahavir//